# હિંમતનગરમાં સી. આર. પાટીલનું ભવ્ય સ્વાગત કરાયું

હિંમતગર, તા. ૫ ઉત્તર ગુજરાતના પ્રવાસે આવેલા ભારતીય જનતા પક્ષના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ



સી.આર.પાટીલ શનિવારે વરિષ્ઠ પદાધિકારીઓ સાથે હિંમતનગર આવતા સાબરકાંઠા જીલ્લા ભાજપ દ્વારા કેસરીયા માહોલમાં મહારાષ્ટ્રીયન સંગીતની ધુન સાથે તેમનું ભવ્ય સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું.

હિંમતનગર શહેરના ટાઉન હોલમાં યોજાયેલા કાર્યક્રમમાં સ્વાગત્ અભિવાદન દરમિયાન કાર્યકર્તાઓને સંબોધી ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે આવી રહેલી નગરપાલીકા, તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતની સ્થાનિક સ્વરાજયની તમામ ચુંટણીઓ બહુમતીથી જીતવા તેમજ આગામી વિધાનસભાની ચુંટણીમાં તમામ ૧૮૨ બેઠકો પર વિજય મેળવવાનો ટાર્ગેટ સિધ્ધ કરવાનો શુભ સંકલ્પ વ્યક્ત કરી કાર્યકરોમાં જોમ જુસ્સો વધારી ચુંટણી પૂર્વે પક્ષના સંગઠનને મજબુત કરવા પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલે સંગઠનની ધારને મજબુત કરવા નારાજ થયેલા, હતાશ થયેલાને રીસાઈ ગયેલા કાર્યકરોને મનાવી લેવાની આવશ્યક્તા જણાવી મામિર્ક ટકોર કરતા જણાવ્યું હતું કે, હોદ્દાથી વંચિત રહેલા સાબરકાંઠા જીલ્લા ભાજપમાં કોઈ દુખિયા છે ? જો હોય તો મને જણાવશો.

ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે કાર્યકરોની સેવાભાવનાને શક્તિઓને બિરદાવતા જણાવ્યું હતું કે, ગુજરાતનો ભાજપનો એક એક કાર્યકર્તા લાગણીશીલ છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૧૭મી સપ્ટેમ્બરના ૭૦ મા જન્મ દિવસની ઉજવણીને સેવા સપ્તાહ સ્વરૂપે ઉજવવાની અપીલ કરી આ સપ્તાહ દરમિયાન વૃક્ષારોપણ, દિવ્યાંગ વ્યક્તિઓની જરૂરીયાતો પૂર્ણ કરવા, પ્રધાનમંત્રી વીમા કવચ અને સુકન્યા યોજનાનો પ્રચાર કરવા જણાવ્યું હતું.

ભાજપના સંગઠનને મજબૂત કરવાર્થે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે તેમના પ્રાસંગીક વક્તવ્યમા કાર્યકરોનો જોમ જુસ્સો વધારતા જણાવ્યું હતુ કે, કોઈપણ ચુંટણી કાર્યકર્તાઓની મદદ વગર જીતી શકાતી નથી તેમણે કાર્યકરોને નિરાશ નહીં થવાની અપીલ સાથે કોઈના પ્રતિ ખોટી ફરીયાદો નહીં કરવા પણ જણાવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત પ્રદેશ ભાજપના મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાએ આવી રહેલી ચુંટણીઓમાં પક્ષનો જનાધાર વધારવા કાર્યકરોને ભારપૂર્વક જણાવ્યું હતું જયારે મહામંત્રી કે.સી.પટેલે સાબરકાંઠા જીલ્લો જનસંઘ અને ભાજપને સમર્થક રહ્યો હોવાનું જણાવી તેમના જીલ્લા પ્રભારી તરીકેની કામગીરીના સંસ્મરણોને વાગોવ્યા હતા.

જયારે સાબરકાંઠા જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલે નવનિયુકત પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલને સાબરકાંઠા જીલ્લાનો પરીચય કરાવી જીલ્લાની રાજકીય સ્થિતિ અને પક્ષના સંગઠનની સ્થિતિથી માહિતગાર કર્યા હતા. તેમણે સી.આર.પાટીલને સંગઠનના શિક્ષક તરીકે ઓળખાવ્યા હતા.

સ્વાગત અભિવાદનના ગૌરવપદ કાર્યક્રમમાં સાંસદ દીપસિંહ રાઠોડે તેમજ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલને કેસરીયો સાફો બાંધી તલવાર અર્પણ કરી હતી. ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર અને હીતુ કનોડીયાએ પણ તેમનું તલવાર આપીને સન્માન કર્યુ હતું. જયારે જીલ્લાના સહકારી આગેવાન અને સાબરકાંઠા બેક્રના ચેરમેન મહેશભાઈ પટેલ અને જીલ્લા સહકારી ખરીદવેચાણ સંઘના ચેરમેન જેઠાભાઈ પટેલ તથા સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ અને જીલ્લા સંઘના ચેરમેન જશુભાઈ પટેલ વગેરે સહકારીક્ષેત્રના આગેવાનોએ ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલને સ્મૃતી ભેટ અર્પણ કરી તેમનુ ગૌરવપદ અભિવાદન કર્યુ હતું.

ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ પ્રથમવાર હિંમતનગરની મુલાકાતે આવતા તેમના સ્વાગત અભિવાદન માટે ઉત્સુક સ્વાગત સમિતિના કાર્યકરોએ શહેરના તમામ માર્ગો પર સી.આર.પાટીલને અભિવાદન કરતા હોર્ડીંગ્સ અને



બેનરો લગાવી માર્ગોને સજાવ્યા હતા.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા સર્વે મહાનુભાવો અને કાર્યકરોને ભગવા રંગના ખેસ અને માસ્ક આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ અંગે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સાથે તસ્વીર પડાવી તુરંત જ ફોટો કોપી ફ્રેમીંગ સાથે આપવામાં આવતા કાર્યકરોએ પ્રસન્નતા વ્યકત કરી હતી.

આ પ્રસંગે જીલ્લા પ્રભારી પ્રદીપસિંહ વાઘેલા, પૂર્વ વિધાનસભા અધ્યક્ષ રમણલાલ વોરા, પ્રદેશ ભાજપ પ્રવકતા ભરતભાઈ પંડ્યા, પ્રદેશ યુવા પ્રમુખ ઋત્વિજભાઈ પટેલ, જીલ્લા મહામંત્રી તખતસિંહ હડીયોલ, અશોકભાઈ જોષી, હિતેશભાઈ પટેલ, વડીયાવીર મંદીરના મહંત શાંતિગીરી મહારાજ, નવારેવાસના મહંત શ્રી જ્ઞાનાનંદજી, સંતશ્રી પી.પી.સ્વામી, પૂર્વ સાંસદ ડાૅ.મહેન્દ્રસિંહ ચૌહાણ, પૂર્વ ધારાસભ્ય નાથાભાઈ પટેલ, મહીલા મોરર્ચાના રાષ્ટ્રીય ઉપાધ્યાક્ષ કુ.કૌશલ્યાકુંવારબા પરમાર, બીનઅનામત આયોગના ઉપાધ્યક્ષ રશ્મીભાઈ પંડયા, જીલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા મહેન્દ્રસિંહ રહેવર, નગરપાલીકા પ્રમુખ અનીરૂધ્ધભાઈ સોરઠીયા, શહેર સંગઠનના પ્રમુખ હર્ષદભાઈ મિસ્ત્રી સહિત અનેક શહેરના, જીલ્લાના અપેક્ષીત કાર્યકરો, વિવિધ સમાજના આગેવાનો, ડાૅકટરો, વેપારી મંડળના વિવિધ આગેવાનો, જી.આઈ. ડી. સી. એસોશીયેશન, રોટરી કલબ વગેરે સંસ્થાઓના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### અરવલ્લી એલસીબી પોલીસે રાજસ્થાનના

## બાઈક ચોરને ચોરીની બાઈક સાથે જીવણપુર નજીકથી દબોચ્યો : ચોરેલ ત્રણ બાઈક કબ્જે કરી

નવનિયુક્ત ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા અને અરવલ્લી એસપી સંજય ખરાતના આગમન પછી જીલ્લામાં પ્રોહિબિશનની શખ્ત કાર્યવાહી, ચોરી લૂંટના વણઉકેલ્યા



ગુન્હાનોનો ઝડપથી ભેદ ઉકેલાઈ રહ્યો છે અરવલ્લી એલસીબી પોલીસે શામળાજી-જીવણપુર રોડ પરથી ચોરીની બાઈક સાથે પસાર થઈ રહેલા રાજસ્થાનના બાઈકચોર સાગર કાંતિલાલ ગામેતીને ઝડપી પાડી બાઈક ચોરે ચોરેલ ત્રણ બાઈક રિકવર કરી આગળની તપાસ અર્થે મોડાસા રૂરલ પોલીસને સોંપ્યો હતો.

અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ આર.કે. પરમાર અને તેમની ટીમ શામળાજી નજીક પેટ્રોલિંગમાં હતી ત્યારે રાજસ્થાનનો બાઈકચોર મોડાસા તરફ જઈ રહ્યો હોવાની બાતમી મળતા જીવણપુર નજીક ત્રણ રસ્તા પર વોચ ગોઠવી હતી બાતમી આધારિત બાઈક સાથે પસાર થતા સાગર કાંતિલાલ ગામેતી (રહે. કણબઈ, ખેરવાડા-રાજ) ને અટકાવી આગવી ઢબે પુછરપછ કરતા બાઈક ચોરીનું હોવાનું અને અન્ય બે બાઈકની ઉઠાંતરી કરી હોવાનું કબૂલ કરી લેતા બે પલ્સર રિકવર કરી કુલ રૂ.૨૦૦૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## હિંમતનગરમાં શિક્ષક બની આવેલા સી.આર. પાટીલે કાર્યકરોનો ક્લાસ લીધો

### આગામી વિધાનસભાની ચૂંટણીમાં ૧૮૨ બેઠકો જીતવા મંત્ર આપ્યો : સાબરકાંઠાની તમામ નગરપાલિકાઓ ભાજપે જીતવાની છે : વનપેજ, વન કમિટી બનાવવા કાર્યકરોને અપીલ

ગુજરાત પ્રદેશ ભાજપના નવ નિયુક્ત પ્રમુખ આજે શનિવારે



શિક્ષક દિને હિંમતનગર આવીને ટાઉનહોલમાં જિલ્લાના અનેક અગ્રણીઓ તથા કાર્યકરોનો આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સતત એક કલાક સુધી પાઠ લઈને પક્ષને મજબુત કરવા માટે અનેક મંત્રો આપીને પાયાના કાર્યકરોને હવે સહન નહી કરવુ પડે એવી હૈયાધારણ આપીને પદાધિકારીઓ તથા અગ્રણીઓને ખોટા ભ્રમમાં ન રાચવા માટે આડકતરો ઈશારો કરીને જિલ્લાની તમામ નગરપાલિકાઓમાં ભાજપ જીતે તે માટે મતદારો વચ્ચે જઈને કામે લાગી જવા અનુરોધ કર્યો હતો. જોકે સતત એક કલાકથી વધુ સમય બોલેલા પ્રદેશ પ્રમુખે તેમની સુરતી ભાષામાં કાર્યકરોને જે મંત્ર આપ્યો છે તેના પરથી તેઓ નરેન્દ્ર મોદીના પગલે ચાલ્યા હોય તેમ કાર્યકરોમાં ચર્ચાતુ હતુ.

આ ઉપરાંત વર્ષ ૨૦૨૨ માં યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં તમામ ૧૮૨ બેઠકો જીતવા માટે તમામ કાર્યકરોને એવો મંત્ર આપ્યો હતો કે મતદારીયાદીમાં એક પેજમાં ૨૦ મતદારો હોય છે ત્યારે તેમાં કોઈપણ જાતના નાતજાત કે અન્ય પક્ષાપક્ષીમાં પડ્યા વિના ભાજપના કાર્યકરો કમિટી બનાવીને તેમાં દસ સભ્યો બનાવવાના છે. અને મતદાનના દિવસે શરૂઆતમાં જ મતદાન કરી બાકી રહેતા મતદારોને મતદાન કરાવવા મહેનત કરવી પડશે. સાબરકાંઠાની આગામી સમયમાં યોજાનાર જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો તથા જે નગરપાલિકાઓની ચૂંટણી યોજાનાર છે ત્યારે તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ભાજપનો ભગવો લહેરાય તે માટે કાર્યકરોને મતદારો પાસે જઈને તેમના પ્રશ્નો સાંભળી ઉકેલવા માટે પ્રયાસ કરવા જણાવ્યુ હતુ તથા ધારાસભ્યો અને સંસદ સભ્યોને લોક સંપર્ક વધારીને તમામ ક્ષેત્રના અગ્રણીઓ સાથે સંબંધો વધુ મજબુત બનાવવા શીખ આપી હતી.

## ડીસામાં ખનીજ ચોરી કરતા હિતાચી મશીન સહિત ૮૦ લાખનો મુદામાલ જપ્ત

કોરોના મહામારી વચ્ચે બનાસકાંઠાના ડીસા પંથકમાં આવેલી સોના જેવી બનાસ નદીની રેતીની બેફામ રોયલ્ટી ચોરી થઈ રહી છે. ભુમાફિયા દ્વારા આડેધડ બનાસ નદીના પટમાં રેતીનુ ખનન કરી સરકારી તિજોરીને કરોડોનું નુકશાન કરી રહ્યા છે. ડીસામાં શનિવારે ખાણ અને ખનીજ વિભાગ દ્વારા ગેરકાયદેશર રેતીનું ખનન કરતા બે વાહનો ઝડપી દંડતામક કાર્યવાહી હાથ ધરી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ડીસા તાલુકા નજીક આવેલ છત્રાલની બનાસ નદીના પટમાં ગેરકાયદેસર ખનીજ ખનન કરતા બે વાહનો ઝડપાયા છે. શુક્રવારે ભૂસ્તરશાસ્ત્રી સુભાષ જોશીની સૂચના આધારે તેમની ટિમના મદદનીશ મીત પરમાર, રોયલ્ટી ઈન્સ્પેકટર શક્તિદાન ચારણ, માઈન સુપર વાઈઝર વીરેન્દ્રસિંહ સોલકી અને સરવેયર મેહુલ દવેની ટિમ ખાનગી રીતે આકસ્મિક તપાસ હાથ ધરતા જેમાં સાદી રેતી ખનીજનું બિન અધિકૃત ખનન એક કોમાતશું મશીન, એક




ટ્રેઈલર આર.જે.૨૭ જી.સી ૫૦૦૨ ઝડપી પડ્યું હતું. જોકે સૂત્રોના જણાવ્યા અનુસાર સરકારના ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગ દ્વારા થયેલ પરિપત્રાથી સાદી રેતી અને ખનીજનું સાંજના ૧૮ કલાકથી સવારના ૬ કલાક દરમિયાન સાદી રેતી ખનિજનું ખનન અંગે પ્રતિબંધ મુકવામાં આવેલ છે. આમ છતાં આ નિયમોનું ઉલંઘન કરવા મામલે મશીન અને ટ્રેઈલર મળી ૮૦ લાખનો મુદામાલ જપ્ત કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

## અરવલ્લી જિલ્લા ટીચર્સ મંડળી દ્વારા સભાસદને ૧૦ લાખનું અકસ્માત વીમા કવચ

અરવલ્લી જીલ્લા ટીચર્સ મંડળીને સ્થાપના થયે દોઢ વર્ષ જેટલો સમય થયો છે અરવલ્લી જિલ્લા ટીચર્સ મંડળીના પ્રમુખ અને અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી આશિષકુમાર એ પટેલ,અરવલ્લી જિલ્લા મંડળીના મંત્રી કમલેશ કે પટેલ, તથા મંડળીની વ્યવસ્થાપક કમિટીના સભ્યોની મંડળી પરની ઉત્કર્ષ કામગીરીથી મંડળીની સ્થાપનાના દોઢ વર્ષના ખુબ જ ટૂંકા સમયગાળામા જ સંપૂર્ણ



ડિજિટલ વહીવટથી ચાલતી આ મંડળીની મંડળી ધિરાણ મર્યાદા ૧૫ લાખ સુધી કરવામાં આવી છે તેની સાથે જ મંડળી માં તારીખ ૨૯ ઓગસ્ટ સુધીના સભાસદ સભ્યો માટે મંડળી દ્વારા રૂપિયા દસ લાખનું પર્સનલ અકસ્માત વીમા કવચ પુરુ પાડવામાં આવતા શિક્ષકો મા આનંદ છવાયો છે. મંડળીને પ્રગતિના પંથ પર લઈ જનાર અરવલ્લી જીલ્લા મંડળીના પ્રમુખ આશિષ કુમારે પટેલ, અને મંત્રી કમલેશ પટેલના ૧૦ લાખના પર્સનલ અકસ્માત વીમા કવચ યોજનાના નિર્ણયને જીલ્લાના શિક્ષકોએ આવકારીને અભિનંદન પાઠવ્યા હતાં.

## અમીરગઢ પોલીસે વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપી

કોરોના મહામારી વચ્ચે અમીરગઢ પોલીસે પેટ્રોલિંગ દરમ્યાન બાતમી આધારે દારૂ ભરેલી કાર ઝડપી પાડી છે. અમીરગઢ પોલીસ સ્ટાફને ખાનગી વાહનમાં પેટ્રોલિગ દરમ્યાન બાતમી મળી હતી કે, ઈકબાલગઢ તરફથી સફેદ કલરની કારમાં દારૂ ભરી એક શખ્સ પાસીયા ઘાંટા પરથી પસાર થવાનો છે. જેથી પોલીસે પંચો સાથે વોચ ગોઠવી બાતમીવાળી કાર સાથે એક ઈસમની અટકાયત કરી હતી. આ સાથે પોલીસે ત્રણ ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## હિંમતનગરની જૈનાચાર્ય સ્કૂલમાં સાત શ્રેષ્ઠ સારસ્વતોનું સન્માન કરાયુ

હિંમતનગર, તા. ૫ સમગ્ર દેશમાં ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિનની ઉજવણી કરાય છે. ત્યારે તેના ભાગરૂપે શનિવારે હિંમતનગરમાં આવેલ જૈનાચાર્ય સ્કૂલ ખાતે જિલ્લાના સાત શ્રેષ્ઠ સારસ્વતોનો સન્માન કાર્યક્રમ ગુજરાત રાજ્ય ગૌણ સેવા મંડળના ચેરમેનની ઉપસ્થિતિમાં યોજાયો હતો જેમાં તેમણે સુસંસ્કૃત સમાજના નિર્માણનું ભગીરથ કાર્ય કરી રહેલા શિક્ષકોને શ્રેય આપ્યો હતો. આ પ્રસંગે જિલ્લા અને તાલુકા કક્ષાના શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલા શિક્ષકો તથા શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા.

હિંમતનગરની જૈનાચાર્ય સ્કૂલમાં યોજાયેલ આ કાર્યક્રમમાં બોલતા ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન અસીતભાઈ વોરાએ જણાવ્યુ હતુ કે સુસંસ્કૃત સમાજના નિર્માણનું ભગીરથ કાર્ય શિક્ષક કરે છે, માનવ જીવન ઉત્કર્ષ શિક્ષકને આભારી છે. બાળકોમાં રહેલા શ્રેષ્ઠ ગુણો શિક્ષણ અને સંસ્કાર થકી બહાર લાવવાનું કામ કરતા શિક્ષકો સમાજમાં પુજનીય છે. શિક્ષકને માસ્તર કહેવાતા જેનો અર્થ એ થાય છે કે તે મા ના સ્તરનું અને ભારતીય પરંપરા મુજબ ગુરૂ જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ છે. બાળકનું શ્રેષ્ઠ માતા-પિતા અને ગુરૂ જ ઈચ્છી શકે છે. હિંમતનગર ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં ઈડર ડાયેટના પ્રાચાર્ય પુરણીયાએ જણાવ્યુ હતુ કે સાબરકાંઠા જિલ્લો શિક્ષણની ખાણ જેવો છે.

સાબરકાંઠાએ અનેક શ્રેષ્ઠ શિક્ષકો અને અગ્રણીઓ સમાજને આપ્યા છે. માતૃભાષાના શિક્ષણ પર ભાર મુકતા તેમણે જણાવ્યુ હતુ કે આવનારા દિવસોમાં ગુજરાત શિક્ષણનું રોલ મોડલ બનશે. જિલ્લા શિક્ષણાધિકારી વ્યાસે જણાવ્યુ હતુ કે શિક્ષક સમાજના શિલ્પી છે એટલે શિક્ષકનું સન્માન કરવાની જવાબદારી સમાજની હોય છે. આ પ્રસંગે જિલ્લાકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે ઈડરના સી.આર.સી. રમેશકુમાર મોહનલાલ સાધુ, સલાલના મદદનીશ શિક્ષક ભાવિનકુમાર જયંતીભાઈ પટેલ અને વિજયનગરના પીપલોદી શાળાના શિક્ષક ગોપાત સુભાષભાઈ વિરજીભાઈનો સમાવેશ કરાયો હતો.

આ ઉપરાંત તાલુકાકક્ષાએ શ્રેષ્ઠ દેખાવ કરનાર અમરાપુરના પ્રાથમિક શિક્ષક ગોરધનભાઈ મોહનભાઈ પ્રજાપતિ, નવા પ્રાથમિક શાળાના શિક્ષક રાજેશભાઈ અંબારામભાઈ પટેલ, ઈડર તાલુકાની રાઓલ શાળાના શિક્ષક પટેલ હાર્દિક નવિનચંદ્ર તથા ધારપુર શાળાના શિક્ષક મહેન્દ્રભાઈ કોદરભાઈ પરમારને શ્રેષ્ઠ સારસ્વત તરીકે સન્માનિત કરાયા હતા.



**બનાસ ડેરી ખાતે એમોનિયા લીકેજ સંદર્ભે મોકડ્રિલ યોજાઈ**

રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર ખાતાના અધિક મુખ્ય સચિવ શ્રી વિપુલ મિત્રા અને ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગ અમદાવાદના નિયામક શ્રી પી.એમ. શાહ ના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્યમાં સલામતી માસ નું આયોજન કરેલ છે જેના ભાગરૂપે એશિયાની સૌથી મોટી ડેરી બનાસ ડેરી પાલનપુર ખાતે એમોનિયા લીકેજ સંદર્ભે મોકડ્રિલ તેમજ વૈશ્વિક મહામારી બનેલા ર્દ્દૈદ્ધ-૧૯ અંગે જાગૃતતા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગના મદદનીશ નિયામક શ્રી આર.ડી.પટેલ તેમજ ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગના સર્ટિફાઈંગ સર્જન ડાૅ. ભુપેન્દ્ર નાયક સહિત બનાસડેરીના સેફટી ઓફિસર ડી. બી. ચૌધરી અને સલામતી શાખાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે ઔધોગિક એકમોમાં અવાર-નવાર ઝેરી ગેસના લીકેજીંગ તેમજ આગ લાગવા જેવા બનાવો બનતા હોય છે તેમાં સતર્કતા આવે અને તાત્કાલિક ઉપાયો કરીને કામદારો ને બચાવી શકાય તે માટે આવી મોકડ્રિલ ઉપયોગી સાબિત થાય છે.